॥ ॐ ॥

॥ तत्सत परमात्मने ॥

કેલૈયાનો ગરબો

(સ્ત્રીઓને નવરાત્રામા ગાવા માટે.)

લખનાર-
ભુલાખીગામના [illegible] પંડ્યા
[illegible].

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪
પ્રથમ આવૃતિ પ્રત ૨૦૦૦
કિંમત ૦-૧-૦

ડાકોર ટેમ્પલ રોડ ઉપર આવેલા પોતાના
શ્રી " હરિહર " પ્રીન્ટીંગ પ્રેસમાં જોષી
જગન્નાથ જયશંકરે કર્તાને માટે છાપ્યો અને
પંડ્યા બુલાખીરામ રણછોડે ડાકોરમાં પ્રસિદ્ધ કર્યો

લેખકના બે બોલ.

આપણા હિંદુઓમા વૃત્તો, ઉપવાસો, અને મેળાઓ નિમિત્ત જન સમાજમા સદ્વર્તન અને [illegible] ના રહસ્યની છાપ પાડવા પરાપુર્વથી અ[illegible] નક્કી કરેલા હોય છે. અને તેવા દિવસે [illegible] અને પુરૂષો આનંદથી દેવ દેવિઓના ભ[illegible] દ્વારા પોતાની શ્રદ્ધા અને ભક્તિ પ્ર[illegible] પોતાને કૃત[illegible]ય માને છે

નવરાત્રીના દિવસો પણ આપણા સમાજના તેવાજ આનંદના દિવસો તરીકે પ્રસિદ્ધ છે અને સ્ત્રીઓ તથા પરૂષો તે દિવસોમા માતાજીના વૃત્ત, ઉપવાસ, કરી રાત્રીના સમયે પોતાની પોળ કે આંગણામા માતાજીના નિમિત્તે દીપમાળાઓ, માંડવડીઓ, ગરબાઓ વિગેરે પ્રકટાવી શ્રદ્ધા અને ભક્તિ પુર્વક માતાજીની સ્તુતિ વિગેરેના સારા સારા ભક્તો અને કવિઓના ભક્તિ અને શાન્ત રસના રચેલા ગરબાઓ ગાઇને તે દ્વારા પોતાના આનંદ અને ભક્તિને પ્રગટ કરે છે

પરંતુ આજ કાલ જ્યાં જોઇએ ત્યાં તેવા ભક્તિ અને શાન્ત રસના ગરબાઓને બદલે શ્રંગારાદિ રસના ગરબાઓ ગવાય છે અને તેથી જનસમાજમાં શ્રદ્ધા, ભક્તિ અને સદ્દવર્તનને બદલે ઉલટી છાપ પડે છે એજ કારણે મ્હારા તરફથી "સતિ સાવિત્રી ચરિત્રનો ગરબો" પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, અને તેનો બહોળો ફેલાવો જનસમાજમાં થયેલો જોઇને તેમજ નામદાર સરકારના કેળવણી ખાતા તરફથી ત કન્યાશાળાઓમાં ઇનામ માટે મંજુર કર્યાં છે તેથી આ બીજું સાહસ ખેડવા પ્રયત્ન કર્યો છે તેને પણ જનસમાજ વધાવી લેશે, તો હું મ્હારા પ્રયત્નમાં સફળ થયો સમજીશ એજ અભિલાષા ॥ इति ॥

ડાકોર.
આષાઢ શુકલ પંચમી
ચંદ્રવાર સંવત ૧૯૮૩

બુલાખીરામ રણછોડ પંડ્યા.

॥ ॐ ॥

॥ तत्सत् परमात्मन ॥

ડેલૈયાનો ગરબો.

(તમે અજાણ્યા અને જાણીએ રે.) એ રાગ

સત્યવાદી સગાળશા વાણિયો રે,
તેતો જગત બધાએ જાણિયો રે,
જેને ઘેર ચગાવતી નાર રે,
પરીક્ષા સત્યની કરે શ્રી હરિ રે ટેક

નર નારી રૂડા ધર્મ ધારતા રે,
સદા સત્યને પથે સિધાવતા રે,
તેને ડેલૈયો નામે કુમાર રે પરીક્ષા૦ ૧

કાનો એક્લો કુવર છે ટોડામણો રે,
માત તાતને તે વહાલો ઘણો રે,
નર નારીનો પ્રાણ આધાર રે   પરીક્ષા૦ ૨

પર્વા પતિન પુરી ટેક પાળતાં રે,
સદા સંત સાધુ ને જમાડતા રે,
જમાડીને જમે નર નાર રે.   પરીક્ષા૦ ૩

એમ કરતા ઘણા દિન વહી ગયા રે,
સાત દિવસ સુધી સાધુ ના મળ્યા રે,
નર નારી કરે ઉપવાસ રે.   પરીક્ષા ૪

લીધો વેષ અતિતનો શ્રી હરિ રે,
કરવા ધારી કસોટી ભકતની રે,
આવી ઉભા રહ્યા ઘર પાસરે   પરીક્ષા૦ ૫

દેખી સાધુ ને હરખિયા દંપતી રે,
પધરાવ્યા પ્રિતે કરી વિનતી રે,
કર જોડી ને લાગિયા પાય રે.   પરીક્ષ૦ ૬

ભલે સંત પધાર્યા કૃપા કરી રે,
અમ ભાગ્યની રેખા હિમે બની રે,
અમે દાસ તમારા નાથ રે   પરીક્ષા૦ ૭

પ્રીત ચ[illegible] પ[illegible] ચગાતા રે,
કુડા રીતે [illegible]
પ્રીતે પીરસીઓ પરસાદ રે   પરીક્ષા૦ ૮

કહે સંત સુણો સતી માવડી રે,
મ્હારે અન્ન જમ્યાની છે આખડી રે,
માસ ભક્ષિ અમે માહારાજ રે   પરીક્ષા૦ ૯

નર નારી પુરા પરમારથી રે,
લાવ્યા માસ છુપાવી બજારથી રે,
જેને સંત જમાડયાની ટેક રે   પરીક્ષા૦ ૧૦

કહે સંત અમોને એ ના ખપે રે,
મોટી માણસની જમીએ અમે રે,
અમે લીધો અઘોરીનો ભેખ રે.   પરીક્ષા ૧૧

નર નારીએ વાત સુણી નવી રે,
મોટી માણસની કયાથી લાવવી રે;
માટે કરવી હવે શી પેર રે. પરીક્ષા૦ ૧૨

સાત ઉપવાસે સત આવી મળ્યા રે,
બધા પાપના તાપ ટળી ગયા રે,
સત રૂપે આવ્યા પ્રભુ ઘેર રે. પરીક્ષા૦ ૧૩

નર નારીએ મનમાહિ ધારિયુ રે,
હણવા કુંવર કેલૈયો વિચારીયુ રે,
તેતો ભણવા ગયેલો નિશાળ રે. પરીક્ષા૦ ૧૪

ગુરૂ રૂપ નિશાળે ગયા હરિ રે,
કહ્યુ કેલૈયા નાસજે આ ઘડી રે,
માત તાત આણે તારો કાળ રે. પરીક્ષા ૧૫

તારે ઘેર અઘોરી આવિયો રે,
તેથી તુજને વધેરવા ધારિઓ રે,
માટે ચેતાવુ છુ તને આજ રે પરીક્ષા ૧૬

કહે કેલૈયો એ શું બોલ્યા ગુરૂ રે,
મારૂ અંગ કહો શું છે કામનું રે,
ધન્ય ભાગ્ય જમે મહારાજ રે પરીક્ષા૦ ૧૭

જેનો દેહ પરમારથે જાય છે રે,
તેનું જીવ્યું સફળ કહેવાય છે રે;
નથી અમ્મર રહેવાની કાય રે પરીક્ષા૦ ૧૮

વણુ તેડયો નિશાળેથી આવિઓ રે,
માત તાતની પાસે ઉભો રહ્યો રે,
કરજોડી ને લાગ્યો પાય રે પરીક્ષા૦ ૧૯

માત પીતાએ લીધા ઓવારણા રે,
ધન્ય ભાગ્ય કરે પ્રભુ પારણા રે,
અતી આનંદનો દિન આજ રે પરીક્ષા૦ ૨૦

નર નારીએ નેહ વધારિઓરે,
લેઇ ખડગ કેલૈયો સહારિઓરે,
લાવી મુકયો જમો મહારાજરે. પરીક્ષા૦ ૨૧

બોલ્યા સંત સુણો તમે દંપતિ રે,
કેમ શિશ છુપાવ્યું મુજથી રે
તમો કપટ કરો મુજ સાથ રે પરીક્ષા૦ ૨૨

મોહ મસ્તકમા તમે રાખીઓ રે,
બાકી દેહ તમે મને આપીઓ રે,
એતો નો'ય જમાડ્યાની વાત રે પરીક્ષા૦ ૨૩


રૂડા વસ્ત્ર ધરો અંગે બે જણા રે,
પ્રીતે આંખમા આંજો આંજણા રે,
મુકો મસ્તક ખાણીઆ માંહ્ય રે પરીક્ષા૦ ૨૪

ગાઓ હાલરડા ઘણા હેતથી રે,
મન માંહી ન શોક ધરો રતી રે,
ખાંડો ખંત થકી તમો ચાહ્ય રે પરીક્ષા૦ ૨૫

અંગે વસ્ત્ર રૂડા ધર્યા બે જણે રે,
આંખો આંજી આવ્યા ઘર બારણે રે,
લીધા મુશળ બન્ને એ હાથ રે પરીક્ષા૦ ૨૬

૧૫૯૮૯૭

સુંદર્યું શિશ કેલૈયાનુ ખાણીએ રે,
રાગ આલાપ્યો મીઠી વાણીએ રે,
ગાએ હાલરડા બન્ને સાથ રે   પરીક્ષા૦ ૨૭



[મહેતા નરસૈયાનુ દુઃખ જાણીએ રે.] એ રાગ

ખમા ખમા કેલૈયા ભાઇ રે,
તારા જન્મની આજે વધાઇ રે,
તારી માતને હરખ ન માય રે,
મારા પ્રભુજીના પારણા થાયરે.   ૨૮

મારે પેટ ભલે તું આવ્યો રે,
વીરા તે મારો દેહ દિપાવ્યો રે;
તારા તાતનુ કુળ તે તાર્યું રે,
તારૂ મોસાળ આજ ઉજાળ્યુ રે   ૨૯

ખમા ખમા કેલૈયા ભાઇ રે,
  આજે હરખુ હુ મગળ ગાઇ રે
તારો જન્મ સફળ થયો આજે રે,
  તારૂ માસ જમે મહારાજ રે ૩૦

તારા તાતનો ટેક તે રાખ્યો રે,
  તારો દેહ દયાળ ને આપ્યો રે,
તારા વડે પનોતી હુ માડી રે,
  તારૂ મુખડુ દેખુ દાડી દાડી રે ૩૧

ખમા ખમા કેલૈયા લાલા રે,
  તુ તો બોલ'બોલે રઢીઆળા રે,
તને જોતી નિશાળે જાતા રે,
  મારા કાળજડા હરખાતા રે ૩૨

તારૂ મુખડુ માત નિહાળે રે,
  તને જોઇને અતર ઠારે રે,

તને સહાય સદા જગનાથ રે,
હેતે ગાય ચગાવતી માત રે 33



(ખોખલે મેતે પત્રજ આપ્યો મેતાજીને હાથ રે)એ રાગ

સત પધાર્યા પાટલે,
મે પી લિઓ પરસાદ રે
શે૦ સગાળશા વીનવે,
તમે જમોને જગદાધાર રે,
દાસ ઉપર લાવો દયા,
કરજોડી લાગુ પાય રે 3૪

સત કહે ઓ શેઠીઆ
મે જાણી સઘળી પેર રે,
થયા તમે મ વાંઝીયા
હુ જમુ નહી તમ ઘર રે 3૫

વાત સુણી ને સતની,
નર નારી થયા ઉદાસ રે
અરે પ્રભુ પાછા જશે,
તો થાશે અમારો વિનાશ રે ૩૬

ભગાવતી કરજોડી કહે છે,
સુણો ને સત સુજાણ રે,
પેટ ચીરી પ્રભુને બતલાવુ,
છે મારે ઓધાણ રે ૩૭

પાળી લઇ ને જાય મારવા
બની અલૌકિક વાત રે
પ્રકટ પ્રભુ પોતે થયા,
ને ઝાલ્યો સતીનો હાથ રે ૩૮

ધન્ય તમો સાચા સતી,
ને ધન્ય તમારો ટેક રે
આજ પરીક્ષા મેં કરી,

નવ ડગ્યા તમે લવ લેશ રે ૩૯

પરોપકારે પુત્ર વધેર્યો
મનમા દુખ ન આણ્યુ રે
અખિલ જગતમા આજ તમારૂ,
વ્રત મે સાચુ જાણ્યુ રે ૪૦

ખેલ ખેલનો આવ્યો કેલૈયો,
લાગ્યો પ્રભુને પાય રે,
ગાય શીખે ને સાભળે,
નર નારી વૈકુંઠ જાય રે ૪૧

